# અંબાજીમાં ભાદરવી મહામેળાની શાનદાર જમાવટ

## મેળાની વ્યવસ્થા વિશે પદયાત્રિકો શું કહે છે

અંબાજી ભાદરવી મેળામાં દૂર દૂરથી ચાલીને આવતા પદયાત્રિકોએ મેળાની વ્યવસ્થાને વખાણી છે. ડીસા તાલુકાના રાણપુરથી ચાલીને આવતા પદયાત્રિક શ્રી જીગરભાઈ અર્જુનભાઈ રાવલે જણાવ્યું કે મા અંબાના દર્શન કરવા અમે રાણપુરથી



પગપાળા નિકળ્યા છીએ. અહીં ચારેબાજુ શ્રધ્ધા અને ભક્તિનું વાતાવરણ જોવા મળે છે. તેમણે કહ્યું કે ગઈકાલે આખો દિવસ વરસાદ હોવા છતાં અમને કોઈ જ તકલીફ પડી નથી. સરકાર, વહીવટીતંત્ર અને સેવાભાવી સંસ્થાઓ ધ્વારા અંબાજીના રસ્તાઓ ઉપર ઠેર ઠેર વિશાળ શામીયાણા બાંધવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે સેવાભાવી સંસ્થાઓ ધ્વારા ચા-નાસ્તો, જમવાની સરસ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી જીગરભાઈએ કહ્યું કે અંબાજી જવાના રસ્તાઓ એકદમ સ્વચ્છ અને સાફ-સુથરાં છે. સેવાકેમ્પો પર કચરાના નિકાલ માટે ટ્રેકટરો ગોઠવવામાં આવેલા છે. તેમણે કહ્યું કે આરોગ્ય



કેમ્પોમાં ખુબ સારી સારવાર આપવામાં આવી રહી છે. સ્વાઈન ફ્લૂની બિમારીથી રક્ષણ મેળવવા આયુર્વેદીક ઉકાળાની વ્યવસ્થા અને ગરમ પાણીના કોગળા કરવાની સરસ વ્યવસ્થા છે. દરેક માઈભક્ત હાથ મોં ધોઈ-સ્વચ્છ થઈ માતાજીના દર્શન કરે તેવી વ્યવસ્થા પણ કરાઈ છે. તેમણે કહ્યું કે આ પદયાત્રામાં અમને કોઈપણ પ્રકારની તકલીફ પડી નથી. તે બદલ સરકાર અને સરકારીતંત્રને ખુબ ખુબ ધન્યવાદ.

દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામના પદયાત્રિક શ્રી દશરથભાઈ નાગજીભાઈ દેસાઈએ કહ્યું કે તંત્ર ધ્વારા આ મેળામાં જે કામગીરી કરવામાં આવી રહી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. તેમણે કહ્યું કે હું દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામથી ચાલતો આવું છું. અંબાજીના રસ્તાઓ સરસ ચોખ્ખા છે કચરો કે ગંદકી જોવા મળતી નથી. ખરેખર પદયાત્રિકો માટે ખુબ સારી સુવિધા ઉભી કરવામાં આવી છે. સુવિધા બહુ સારી હોવાથી અમને અંબાજી દૂર લાગતું નથી.

પાલનપુરના પદયાત્રિક શ્રી મેહુલ અરવિંદભાઈ રાઠોડે મેળાની વ્યવસ્થા વિશે પ્રતિભાવ



આપતાં જણાવ્યું કે યાત્રિકોની સુરક્ષા માટે સરકાર ધ્વારા પુરતા પ્રમાણમાં પોલીસ- સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસના જવાનો ખડેપગે સેવા બજાવી રહ્યા છે. કોઈ યાત્રિક પોતાના સાથીઓથી વિખુટો પડી જાય તો માઈક પર એલાઉન્સ કરી તાત્કાલીક તેમનો તેમના સગા-વ્હાલાથી ભેટો કરાવે છે. તેમણે કહ્યું કે મેળામાં સ્વચ્છતાની પણ એટલી જ કાળજી રાખવામાં આવી છે કયાંય ગંદકી કે ઉકરડો નજરે પડતો નથી. સરસ સ્વચ્છતાના લીધે લોકોનું આરોગ્ય પણ સચવાયું છે. શ્રી મહુલ રાઠોડે કહ્યું કે આરોગ્ય તંત્ર ધ્વારા ઠેર ઠેર સારવાર કેમ્પ ગોઠવીને આયુર્વેદીક ઉકાળા, ગરમ પાણીના કોગળા કરવાની વ્યવસ્થા અને મોં–હાથ ધોવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આમ માઈભક્તોને કોઈપણ અગવડ ન પડે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે.

## સમગ્ર ઉત્તર ગુજરાત ભક્તિ રસમાં ભીંજાયું



જગતજનની મા અંબેના પવિત્ર તીર્થસ્થાન અંબાજી મુકામે ભાદરવી મહામેળો હવે સોળે કળાએ જામ્યો છે. રસ્તાઓ ઉપર મોટી સંખ્યામાં યાત્રીઓ અંબાજી તરફ ભારે ઉત્સાહ અને માતાજીના જયઘોષ સાથે આગળ વધી રહ્યા છે. હવે મેળો તેની ચરમ સીમાએ જામશે. રસ્તાઓ ઉપર વિવિધ સેવા આપતા સંખ્યાબંધ સેવાકેન્દ્રો કાર્યરત છે. સેવાકેન્દ્રના સંચાલકો અને સ્વયંસેવકો આદર-સત્કારથી પદયાત્રિકોને પોતાની સેવાનો લાભ લેવા વિનવણીપૂર્વક આગ્રહ કરતા



જોવા મળ્યા છે. બારસથી સમગ્ર ઉત્તર ગુજરાતના ગામડાઓમાંથી યાત્રિકો આનંદ ઉત્સાહથી અંબાજી જવા નીકળી રહ્યા છે પરિણામે સમગ્ર ઉત્તર ગુજરાત ભક્તિરસમાં તળબોળ બન્યું છે.

દુરદુરથી શ્રધ્ધાળુઓ માતાજીના રથ લઈને રમતા-ઝુમતા ડુંગરાઓ ચડી રહ્યા છે. રસ્તાઓ ઉપર ઠેરઠેર વિસામા, વિવિધ સેવાકેન્દ્રો, આરોગ્ય, પોલીસની વ્યવસ્થા સરસ રીતે ગોઠવાયેલી છે. વીજળીનો પુરવઠો સતત જળવાઈ રહે છે. દર્શન માટે બબ્બે રેલીંગ વ્યવસ્થા હોવાથી દર્શનાર્થીઓને લાંબો સમય લાઈનમાં ઉભા રહેવુ પડતુ નથી. દર્શનના સમયમાં ખાસ વધારો કરવામાં આવ્યો છે. પરિણામે યાત્રિકો માતાજીના સરસ દર્શન કરી સંતોષપૂર્વક ઘરે પાછા ફરે છે.



### વરસાદ, ગરમી કે થાકની યાત્રિકોને પરવા નથી...

ભાદરવા માસની ગરમી અને વરસાદ કે દુરદુરથી ચાલીને આવતા હોવા છતાં થાકની જરાપણ પરવા કર્યા વિના માઈભક્તો રમતા-ઝુમતા માતાજીના તીર્થધામમાં પહોંચી રહ્યા છે. અંબાજી મુકામે અને રસ્તાઓ ઉપર યાત્રિકોની સુવિધા માટે જિલ્લા વહીવટીતંત્ર, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને સેવાભાવી લોકો ધ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. દિવસોથી ચાલીને આવતા યાત્રિકો અંબાજી મંદિરમાં પહોંચીને માતાજીને મસ્તક નમાવી ધન્ય બની ભાવવિભોર બની જાય છે. ઘણા માઈભક્તોની આંખમાં હર્ષના આંસુ અને ધન્યતાની લાગણી જોવા મળે છે.

### જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગોઠવાયેલ સુંદર વ્યવસ્થા

મેળા પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા તમામ પ્રકારની વ્યવસ્થાઓ બહુ સરસ રીતે ગોઠવવામાં આવી છે. ગઈકાલે આખો દિવસ સતત વરસાદ હોવા છતાં લાઈટ સતત ચાલુ રહી હતી અને આજે પણ તે જ રીતે ચાલુ છે. તેમ છતાં લાઈટ જાય તો વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ઈન્વર્ટર, સોલાર અને જનરેટરની વ્યવસ્થા ઉપલબ્ધ રાખવામાં આવી છે. પોલીસ અને સુરક્ષા દળના જવાનો સેવા ભાવના સાથે ફરજ બજાવી રહ્યા છે. આરોગ્યના સંખ્યાબંધ કેમ્પો અને ડૉક્ટરો યાત્રિકોની સેવા માટે પ્રસશંનીય કામગીરી કરી રહ્યા છે. કલેકટરશ્રી દિલીપ રાણા મેળાની તમામ બાબતો ઉપર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. અંબાજી મુકામે સંખ્યાબંધ સી.સી.ટી.વી. કેમેરા ગોઠવીને વ્યવસ્થા જાળવવામાં આવી છે. દર્શન કરીને મંદિર બહાર આવતા યાત્રિકોના મોં ઉપર આનંદ અને સંતોષની સ્પષ્ટ લાગણી જણાય છે.



યાત્રાધામ અંબાજી ખાતે સ્વાઈન ફલૂ માટે વિશેષ હવનનું આયોજન કરવામાં આવ્યું છે અને દર્શને આવતા ભક્તો રોગથી બચી શકે તે માટે ચાચર ચોક સહિત વિવિધ જગ્યા પર હવન કરવામાં આવી રહ્યા છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફલૂ કહેર મચાવી રહ્યો છે અને સ્વાઈન ફલૂ ને લઈ અનેક લોકો મોતને પણ ભેટ્યા છે ત્યારે યાત્રાધામ અંબાજી ખાતે દરરોજ ના લાખો ભક્તો આવે છે અને માના દર્શન કરે છે ત્યારે અંબાજી ચાચર ચોક સહિત વિવિધ જગ્યા ઉપર સ્વાઈન ફલૂ માટે હવન નું આયોજન કરવામાં આવ્યું છે અને આ હવનમાં વિવિધ ધૂપ અને વનસ્પતિઓ હોમવામાં આવે છે જેના ધુમાડો લોકો ને સ્વાઈન ફલૂ સહિત ના અન્ય રોગથી બચી શકે છે.

### સ્વચ્છતા અને નવિન એસ.ટી.બસો મુકાતા પદયાત્રીકો દ્વારા પ્રશંસા

બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી દિલીપ રાણાના માર્ગદર્શન અનુસાર તમામ સુવિધાઓની સરસ વ્યવસ્થા



ગોઠવી છે. સ્વચ્છતા સારી રીતે જાળવવામાં આવે છે.

લાખો યાત્રિકો ઉમટવા છતાં સ્વચ્છતાથી અંબાજીમાં સ્વચ્છતા જળવાય છે. આ વખતે મેળામાં જુની પુરાણી એસ.ટી.બસોને બદલે મોટાભાગની બસો નવિન જોવા મળે છે. ચોમેર સ્વચ્છતા, સતત વીજપુરવઠો, દર્શનની સારી વ્યવસ્થા, ઠેરઠેર વિસામા અને નવીન એસ.ટી બસો મળતાં યાત્રિકોએ કોઈપણ મુશ્કેલી વિના માતાજીના સરસ દર્શન કરી આનંદ અને સંતોષથી પોતાના ઘરે પરત ફરે છે.

દર્શનના સમયમાં વિશેષ વધારો કરાતા યાત્રિકો રાત્રે ૧.૩૦ વાગ્યા સુધી દર્શન કરી શકે છે પરિણામે અંબાજીમાં ભારે ભીડ નિવારી શકાઈ છે. માતાજીના મંદિરને રોશનીથી શણગારવામાં આવતા મંદિર દૈદિપ્યિમાન લાગી રહ્યું છે.

# ગુજરાત એ મારું બીજું ઘર : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આજે ગુરુ વંદના માટે મહેસાણા ખાતે



આવ્યા હતા જેમાં તેમના ગુરુને શીશ નમાવીને આશિષ મેળવ્યા હતા અને ગુરુ એ વ્યસન મુક્ત માટે માગની કરી હતી. જ્યારે દેરાસર પરિસર દ્વારા રાષ્ટપતિને ચાંદીનું શ્રીફળ ભેટમાં આપવામાં આવ્યું હતું. જ્યારે કોવિંદે ગુજરાત તેમનું બીજું ઘર હોવાનું જણાવ્યું હતું અને તેઓ મહેસાણ આવ્યા છે તેનો ગોરવ અનુભવ્યો હતો.

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આજે ગુરુ વંદના માટે મહેસાણા ખાતે આવ્યા હતા જેમાં પ્રથમ વાર કોઈ રાષ્ટ્રપતિ મહેસાણા આવ્યા હોય તેવો આ પ્રથમ બનાવ છે. આજે સમી સાંજે એરપોર્ટ ખાતે આવી પહોંચયા હતા.

જેમાં ગુજરાતના રાજયપાલ ઓ. પી. કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, સહિત સાંસદ મહેસાણાના જયશ્રીબેન પટેલ, સહિત જિલ્લા કલેકટર અને ગાંધીનગર રેન્જ આઈ.જી. સહિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે આજે રાષ્ટ્રપતિ કોવિંદ ગુરુને મળવા આવ્યા હતા. ગુરુ પદ્મસાગર મહારાજ સાહેબનો આજે જન્મ દિવસ હોઈ ગુરુને વંદન માટે આવ્યા હતા. જેમાં ગુરુ પાસે રાષ્ટ્રપતિએ કરુણા રાખવા માગની કારી હતી. જ્યારે આજે જન્મ દિવસ હોવાથી છેલા પાસે દેશને વ્યાસન મુક્ત બને તે અંગે માંગ રાષ્ટ્રપતિ પાસે કરી હતી. મહેસાણામાં આજે પ્રથમવાર કોઈ રાષ્ટ્રપતિ આવ્યા હતા. ચાપતો પોલીસ બંદોબસ



આજે સમગ્ર મહેસાણામાં રાખવામાં આવ્યો હતો. ગુરુ પદ્મસાગર મહારજ શાએબના જન્મ દિવસમાં જૈન સમાજમાં અનેરો માહોલ હતો, તો દિવસ દરમિયાન સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. ત્રણ હેલી કોપટર દ્વારા આવેલા રાષ્ટ્રપતિએ ગુરુ વંદના કરતા ઉતર ગુજરાતના લોકોને ખમીર વાંટી ગણાવ્યા હતા અને ગુજારતા તેમનું બીજું ઘર હોવાનું કહ્યું હતું. જ્યારે સહકારી ક્ષત્રને પણ વખાણતા દેશમાં પ્રધાનમંત્રી ગુજરાતે બે આપ્યા હોવાનું જણાવ્યું હતું. જ્યારે દેશ કાજે એક માનીશભાઈએ ૬૩ લાખનું દાન સૈનિકો માટે આપતા તેમણે આભાર વ્યક્ત પણ કર્યો હતો.

ગુરુ વંદના અને ગુજરાતમાં અને તેમાં પણ મહેસાણામાં રાષ્ટ્રપતિ અને મુખ્યમંત્રી સહિત ઉપમુખ્યમંત્રી અનામત આંદોલનના ગઢમાં આવી ગયા હતા અને પાટીદારોએ વિરોધ ન કરતા હાલમાં આગમી ચૂંટણીમાં ભાજપને કેવા મત મળે છે તે જોવું રહ્યું.



### ડીસામાં લોધા પરીવાર દ્વારા ગણપતિ બાપાની શોભાયાત્રા

ડીસા શહેરમાં ગણપતિ વિસર્જન નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં બાપાની શોભાયાત્રાઓ નીકળી હતી. ત્યારે શહેરના રેલવેસ્ટેશન વિશ્વકર્મા સોસાયટીમાં લોધા આસિયા પરીવાર દ્વારા પણ ગણપતિ મહોત્સવની ઉજવણી બાદ અગિયારસના રોજ ગણપતિ વિસર્જન પર્વ રેલવે સ્ટેશન વિસ્તારથી ડીજેના તાલે શોભાયાત્રા નીકળી હતી. જેમાં લોધા આસિયા પરીવાર અને લોધા સમાજના અગ્રણીઓ જોડાયા હતા. ત્યાર બાદ રાજપુર નજીક બનાસ નદીના નીરમાં હર્ષોલ્લાસ સાથે ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

### ભિલોડા જ્ઞાન તપોવન વિદ્યા મંદીરમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ યોજાયું

ભિલોડા આદિજાતી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ સંચાલિત જ્ઞાન તપોવન વિદ્યા મંદીરમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ યોજાયું હતું.જીલ્લા પંચાયત આયુર્વેદિક દવાખાનું પાલ્લાના સહયોગથી શાળા કેમ્પસમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, આજુ-બાજુના રહીશોને આયુર્વેદિક અમૃતપેય ઉકાળાનું વિતરણ કરાયુંહતું. સમગ્ર રાજ્ય, જીલ્લાઓમાં વકરી રહેલા જીવલેણ રોગ સ્વાઈન ફલુંઅને ઋતુજન્ય રોગોથી કેવી રીતે બચી શકાય તે વિશે માહિતી પુરી પાડી હતી. આદિજાતી વિકાસ એજ્યુંકેશન ટ્રસ્ટ પ્રમુખ પ્રકાશભાઈ સડાત, શાળા સ્ટાફએ આયુર્વેદિક અમૃતપેય ઉકાળાનું વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

### ભિલોડા સ્વસ્તિક શિશુ વિહારનું ગૌરવ

ભિલોડા હાર્દિક એજ્યુંકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વસ્તિક શિશુ વિહારનું વિદ્યાર્થીઓએ ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં ચેસ સ્પર્ધામાં સ્વસ્તિક શિશુ વિહારનો વિદ્યાર્થી હેતાર્થ મુકેશભાઈ પટેલ ધોરણ.૫ બીજો નંબર, દેવર્શ મહેશભાઈ પટેલ ધોરણ.૫ એ ત્રીજો નંબર, ૩૦ મીટર દોડમાં નિરાલી હર્ષદભાઈ પટેલ ધોરણ.૩ એ ત્રીજો નંબર મેળવ્યો હતો.ત્રણેય વિદ્યાર્થીઓ જીલ્લા કક્ષાએ રમવા માટે પસંદગી પામ્યા છે.ભિલોડા હાર્દિક એજ્યુંકેશન ટ્રસ્ટ ટ્રસ્ટીઓ,ભિલોડા સ્વસ્તિક શિશુ વિહાર સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.